# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-07-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. વડોદરાના પાદરા નજીક ગંભીરા પુલનો એક ભાગ તૂટી પડતા નવ લોકોના મોત-મુખ્યમંત્રીએ તપાસના આદેશ આપ્યા
2. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે ગુજરાતની સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલી મહિલાઓ સાથે સંવાદ કર્યો
3. અસામાજિક તત્વો સામે રાજ્ય પોલીસની કડક કાર્યવાહી- અઢી મહિનામાં 586 ગેરકાયદેસર બાંધકામો હટાવાયા
4. પ્રિસ્ક્રિપ્શન વિના દવાઓનું વેચાણ કરતા રાજયભરના દુકાનદારો સામે કાયદેસરની પોલીસની કાર્યવાહી
5. રાજ્યમાં આજે 32 તાલુકામાં સામાન્ય વરસાદ-આવતીકાલે નવસારી અને વલસાડમાં ભારે વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BRIDGE COLLAPSED

વડોદરા જિલ્લામાં પાદરા નજીક આજે વહેલી સવારે પુલનો એક ભાગ  તૂટી પડવાની ઘટનામાં નવ લોકોના મોત થયા. નવ લોકોને બચાવીને પાંચને સારવાર માટે ખસેડાયા છે.  આ અંગે વડોદરા જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાએ પુષ્ટિ આપી હતી કે આ ઘટના વહેલી સવારે બની હતી, જેમાં અનેક વાહનો તણાઈ ગયા હતા. પરિવહન મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે મુખ્યમંત્રીએ ઉચ્ચ સ્તરીય સમિતિને ઘટના સ્થળે મોકલી છે.

(બાઇટ : હર્ષ સંઘવી – ગૃહ રાજ્યમંત્રી)

ઘટનાને પગલે વડોદરા જિલ્લા વહીવટીતંત્ર સહિત સ્થાનિક અધિકારીઓએ યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ-NDRF ની એક ટીમને ખાસ સાધનો સાથે તૈનાત કરવામાં આવી છે.  દરમિયાન ગાંધીનગર ખાતે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં બ્રિજ દુર્ઘટના અંગે મુખ્યમંત્રીએ તપાસના આદેશ આપ્યા હતા. બેઠકમાં મુખ્યમંત્રીએ પૂલ તૂટી પડવા અંગે મુખ્યમંત્રીએ અધિકારીઓ પાસેથી પ્રાથમિક અહેવાલ પણ માંગ્યો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પ્રત્યેક વ્યક્તિના વારસદારને 4 લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50 હજાર  રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. ઉપરાંત તમામ સારવાર વ્યવસ્થા પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ દુર્ઘટના અંગે દુઃખ કરી મૃતકોના પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ- P.M.N.R.F. માંથી બે લાખ અને ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી.

. . . . . . . . . . .

# AMIT SHAH SAHKAR SAMVAAD

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ નિમિત્તે ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની માતાઓ, બહેનો અને સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા અન્ય કાર્યકરો સાથે સંવાદ કર્યો. શ્રી શાહે કચ્છ જિલ્લાના ઊંટ ઉછેરક માલધારી સહકારી મંડળી લિમિટેડના મિરલબેન રબારી સાથે પણ સંવાદ કર્યો હતો. સંવાદ દરમિયાન શ્રી શાહે જણાવ્યું કે દેશભરના ઊંટ પાલકો પાસેથી દૂધ એકત્ર કરી તેના ઔષધીય ગુણનો ઉપયોગ કરી ઊંચો ભાવ કેવી રીતે મળી શકે તે માટે ગુજરાત અને રાજસ્થાન સરકાર સાથે મળીને એક યોજના બનાવી રહી છે.

(બાઇટ: અમિત શાહ , HM )

. . . . . . . . . . .

# JANBHAGIDARI-ABHIYAAN

આદિજાતિ લાભાર્થીઓને  ગામ સુધી વિવિધ યોજનાઓના લાભ વિતરણ અને જાગૃતિ અભિયાન અંતર્ગત “ધરતી આબા” જનભાગીદારી અભિયાન” શરૂ કરવામાં આવ્યુ છે.

છોટાઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનીધી રાજેશ રાઠવા જણાવે છે કે જિલ્લામાં ૧૫ જુલાઈ સુધી ચાલનારા અભિયાન અંતર્ગત આજે કવાંટ, જેતપુરપાવી, સંખેડા, બોડેલી અને છોટાઉદેપુર તાલુકાઓમાં શિબિર યોજવામાં આવી હતી.

નવસારીથી અમારા પ્રતિનીધી અશોક પટેલ જણાવે છે જિલ્લાના વાંસદા, ચીખલી, ગણદેવી અને નવસારી તાલુકાઓના કલસ્ટર હેઠળના ગામોમાં આ અભિયાન માં 17 જેટલા સરકારી વિભાગોની 25 વ્યક્તિલક્ષી અને માળખાકીય યોજનાઓ આદિવાસી પરિવારો સુધી પહોંચી રહી છે.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના સારંગપુર ખાતે મોતાલી, દઢાલ, ઉછાલી, અવાદર, કરારવેલ, સેંગપુર, પિંપરોડ, પારડીમોખા, જીતાલી તાલુકાના કલસ્ટર હેઠળના ગામોમાં અને સુરતના માંડવી, મહુવા, બારડોલી, અને ઉમરપાડામાં પણ વિશેષ બેનિફિશયરી સેચ્યુરેશન કેમ્પ યોજાયો હતો.

. . . . . . . . . . .

## DGP PRESS

અસામાજિક તત્વો સામે રાજ્ય પોલીસની કડક કાર્યવાહી યથાવત છે. અઢી મહિનામાં અસામાજિક તત્વોના 586 ગેરકાયદેસર બાંધકામો દૂર કરવામાં આવ્યા છે. જ્યારે એક હજાર 857 ગેરકાયદેસર વીજ જોડાણો કાપી નાખવામાં આવ્યા છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે માહિતી આપતા જણાવ્યું હતું કે 434 રીઢા ગુનેગારોના જામીન રદ કરવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે.

(બાઇટ : વિકાસ સહાય – DGP)

ઉલ્લેખનીય છે કે 15 માર્ચથી અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરતાં વિશેષ અભિયાન શરૂ કરવાં આવ્યું હતું.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# POLICE CHECKING

રાજ્યભરની દવાની દુકાનોમાં પોલીસે દરોડા પાડીને તપાસ હાથ ધરાઇ. જેમાં પ્રિસ્ક્રિપ્શન વિના દવાઓનું વેચાણ કરતા દુકાન માલિકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તમામ શહેર અને જિલ્લાઓમાં સ્થાનિક ગુના શાખા સહિતની ટીમ દ્વારા ઠેર ઠેર દરોડા પાડવામાં આવ્યા.

આ દરોડા દરમિયાન, ગાંધીનગર જિલ્લામાં 317 જેટલી દવાની દુકાનોમાં તપાસ કરવામાં આવી. વલસાડ પોલીસ દ્વારા 282 દવાનીદુકાનોમાં તપાસ કરી, જેમાં એક NDPS સહિત અલગ અલગ કુલ 45 કેસ નોંધાયા. જ્યારે દાહોદમાં 129, જામનગરમાં66 અને પાટણમાં 61

સ્થળે તપાસ હાથ ધરવામાં આવી. તો, જૂનાગઢમાં 11 તેમજ ડાંગમાં 23 દુકાનો તપાસવામાં આવી.

. . . . . . . . . . .

## DANG BLACKSPOT

ડાંગ જિલ્લાના સાપુતારા ઘાટ માર્ગ પર જ્યાં અવારનવાર અકસ્માત થતાં તેવા ત્રણ બ્લેક સ્પોટનું પોલીસ અને તંત્રના અધિકારીઓએ નિરીક્ષણ કર્યું. અહી થતા અકસ્માત નિવારવા માટે ડાંગ પોલીસ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળના અધિકારી અને જિલ્લા પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરીના અધિકારીઓ દ્વારા સંયુક્ત પ્રયાસ શરૂ કરાયો છે. આ અંગે પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલે વધુ માહિતી આપી.

(બાઇટ: એસ.જી.પાટીલ, પોલીસ અધિક્ષક)

. . . . . . . . . . .

## RRU IFS TRAINEE

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી-RRU એ આંતરરાષ્ટ્રીય સહયોગ, સુરક્ષા અને વ્યૂહાત્મક ભાષા શાળા દ્વારા આયોજિત ભારતીય વિદેશ સેવા અધિકારી તાલીમાર્થીઓ માટે ગતિશીલ અને બૌદ્ધિક તાલીમનું સમાપન થયું. આ કાર્યક્રમ યુવા રાજદ્વારીઓને વિદેશ નીતિ, રાષ્ટ્રીય સુરક્ષા અને

વૈશ્વિક શાસનમાં અત્યાધુનિક વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ અને આંતર-શાખાકીય આંતરદૃષ્ટિથી સજ્જ કરવા માટે આયોજિત કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . .

## GUJARAT RAIN

રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. આજે 32 તાલુકામાં હળવો વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં આજે વધુ વરસાદ રહ્યો છે. નવસારીના ખેરગામમાં પોણા બે ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે વલસાડના ધરમપુરમાં પણ પોણા બે ઇંચ વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. સુરતના ઉમરપાડામાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. આ સાથે રાજ્યમાં મોસમનો કુલ 47 ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે.

જળાશયોની સ્થિતિ અંગે વાત કરવામાં આવે તો, રાજ્યના 38 જળાશય હાઇએલર્ટ પર જ્યારે 18 જળાશય એલર્ટ પર છે. રાજ્યમાં અત્યાર સુધી 685 લોકોને રેસ્ક્યૂ કરાયા છે. દરમિયાન 4 હજાર 278 લોકોનું સ્થળાંતર કરાયું છે. બીજી તરફ ભારે વરસાદને કારણે રાજ્યમાં 77 જેટલા માર્ગ બંધ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . .

## WEATHER FORECAST

આગામી 7 દિવસ રાજ્યમાં વરસાદની આગાહી છે. અત્યારે સાયક્લોનિક સર્ક્યુલેશન, લો પ્રેશર સિસ્ટમ અને ટ્રફ લાઇન પસાર થતા વરસાદની શક્યતા છે. આવતીકાલે નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં ભારે વરસાદની શક્યતા સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

(બાઇટ: ડૉ.એ.કે.દાસ, નિયામક હવામાન વિભાગ)

. . . . . . . . . . .

# ROAD-REPARING

રાજ્યમાં કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓનું ધોવાણ થયું છે. અમારા સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિનીધી દિનેશ પરમાર જણાવે છે કે ભારે વરસાદથી ચૂડા તરફ જતા વસ્તડી ડાયવર્ઝનમાં થયેલા નુકશાન સામે તંત્ર દ્વારા રીપેરીંગની કામગીરી ત્વરિત શરૂ કરાઇ હતી.

મહીસાગર જિલ્લામાં પણ અનેક ગ્રામીણ અને શહેરી રસ્તાઓ પર ખાડાઓ, સપાટીનું ધોવાણ અને અન્ય નુકસાન થતા માર્ગ અને મકાન વિભાગ દ્વારા પેચવર્ક, મેટલવર્ક અને સર્ફેસિંગની કામગીરી કરવામાં આવી રહી છે.બનાસ કાંઠા જિલ્લા માં 19 જેટલા રસ્તાઓનું ધોવાણ થતાં જિલ્લા કલેક્ટર ના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા 16 રસ્તાઓની મરામત કરાઈ હતી.

સુરત જિલ્લામાં ભારે વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત ૪૬૭ રસ્તાઓમાંથી ૩૩૦ રસ્તાઓમાં પેચવર્કની કામગીરી પૂર્ણ કરાઇ છે.

. . . . . . . . . . . .